PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૭/કવા–૦૧/૧૭–૧૮/ ૬૩૩૨ તા. ૨૬/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક,
ઠે. દુધની ડેરી વાળો રોડ,
ગામ: ધોધાવદર,
તા. ગોંડલ
જી. રાજકોટ
મો: ૯૮૭૯૯ ૩૦૯૩૧

વિષય :–ખેત જોડાણ સામે વાંધા અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૭/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.૩.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

/ NO: / 1 / A /

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૭૭/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૮–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)**

---

**: હુકમ :**

**ફરીયાદ : ખેત જોડાણ સામે વાંધા અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ગામ:ધોધાવદર ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧, કે જેની માલીકી ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગતપણા ની છે. અને તે ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ મા આવેલ કુવો પણ ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગત માલીકી નો છે. તેમ છતા, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક, કે જેમની માલીકી ની જમીન ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ છે. તે જમીન મા કોઈ કુવો નથી. તેમ છતા, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુકે, અગાઉ પીજીવીસીએલ મા, '' ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ મા આવેલ ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગત માલીકી ના કુવા ને '' – તેમની અંગત માલીકી નો હોવા સબંધક પીજીવીસીએલ મા દાખલાઓ આપીને, નવુ જોડાણ મેળવવા માટે ની જે કામગીરી કરેલ છે, તે કામગીરી છેતરપીડીયુક્ત હોય, સદર બાબતે, '' સ્થળ ચકાસણી અને અદ્યતન સ્થિતી ના પંચાયત / મામલતદાર કક્ષાના – રેવન્યુ દસ્તાવેજીક પેપર્સ '' જે, શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક પાસેથી મેળવીને જ, તેમને નવુ જોડાણ આપવાની કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા કરવામા આવે, તે મુજબ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ના જણાવ્યા મુજબ ના, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુકે, અગાઉ તા.૨૬–૦૭–૧૦ ના રોજ, તેમના ગામ:ધોધાવદર ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ મા, સામાન્ય યોજના હેઠળ નુ નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી પીજીવીસીએલ મા નોંધાવેલ હતી. સદર અરજી મા દર્શાવ્યા મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ ના રેવન્યુ દસ્તાવેજીક પેપર્સ ( ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬) અને ખાસ કરીને, તલાટી કમ મંત્રી ના પાણીપત્રક નં.–૧૬ મા, દર્શાવ્યા મુજબ ના, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને, તેમની માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ મા સીચાઈ કરવા માટે ના કુવા પર, પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ મંજુરી સબબ નુ શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને ભાવપત્રક અપાયેલ હતુ. જેની રકમ શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુકે તા.૨૦–૦૨–૧૭ ના રોજ ભરપાઈ કરી અને કરારનામુ પણ કરેલ હતુ. આમ, આ જોડાણ આપવાની કાર્યવાહી અગાઉ થયેલ હતી. પરંતુ, આ કાર્યવાહી દરમ્યાન, '' શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને મંજુરી ને પાત્ર નવુ જોડાણ '' જે, કુવા પર આપવાની કાર્યવાહી થયેલ છે, તે કુવો તેમની જમીન પર આવેલ એવો કુવો ન હોય, અન્ય જમીન પર આવેલ અન્ય ની અંગત માલીકી નો કુવો હોવા સબબ ની, અગાઉ ની, શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની ફરીયાદ અરજી ના |

| | |
|---|---|
| | અનુસંધાને," સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર ઈજનેર તરફથી, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને ખરાઈ કરવામા આવતા, '' શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ની અરજી મા દર્શાવ્યા મુજબનો કુવો, જે તેમની માંગણી મુજબ ની અંગત માલીકી જમીન ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ '' મા જણાયેલ ન હતો. આ જમીન મા કોઈપણ કુવો મોજુદ પણ જણાયેલ ન હતો. આમ, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુકે, અગાઉ ના સર્વે સમયે છેતરપીડીયુક્ત ખોટી માહિતી રજુ કરીને, ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ મા આવેલ અંગત માલીકી નો કુવો દર્શાવી અને જોડાણ મેળવવા માટે ની કાર્યવાહી થયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ હતી. જેથી, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને તેમની માંગણી મુજબ નુ જોડાણ, માંગણી મુજબ ના, વિવાદીત કુવા પર આપવાની કાર્યવાહી અટકાવી દેવામા આવેલ છે. |
| **૨.૨** | જેથી, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક, તેમની અંગત માલીકી ની સીચા ની જમીન ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ મા, અંગત માલીકી નો કુવો / બોર , જે – દિન–૩૦ મા બનાવશે, અથવા તો હાલ મા જે, શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ મા આવેલ કુવો / બોર – કે જે કુવો / બોર – તેઓશ્રી એટલેકે, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ની સહકારી ભાગીદારી વાળો હોય, અને તે મુજબ તેમને સદર સંયુક્ત માલીકીના કુવા / બોર માથી, પાણી લેવાનો હકક હોવા સબંધક, પંચાયત / મામલતદાર કચેરી ના અદ્યતન સ્થિતી ના દાખલા ( ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ ના સંયુક્ત માલીકીના કુવા ની વિગતો દર્શાવતુ પાણીપત્રક નં.–૧૬) જે પીજીવીસીએલ મા દિન– ૩૦ મા રજુ કરી, તેમજ સદર કુવા / બોર ના અન્ય ભાગીદારો ના – રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ ની કચેરી મા રજુ કરશે, તો શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને પીજીવીસીએલ કક્ષાએથી જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરી શકાશે. આમ, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ની, હાલ ના તબ્બકે, મંજુર કરાયેલ હેઠળ આવેલ એવી, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે પીજીવીસીએલ કક્ષાએથી પડતર રાખવા આવશે. તે મુજબ નો અભિપ્રાય અત્રે થી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી મુજબ ની બાબત, એટલેકે શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુકે, અગાઉ ના સર્વે સમયે છેતરપીડીયુક્ત ખોટી માહિતી રજુ કરીને, ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ મા આવેલ અંગત માલીકી નો કુવો દર્શાવી અને, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુકે, તેમની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ મા, હાલ ના તબ્બકે નુ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ જોડાણ મંજુર કરાવેલ છે. તે બાબતે ની પીજીવીસીએલ પક્ષકાર ને, મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે સ્પષ્ટતાઓ સાંપડેલ છે. જેથી, પીજીવીસીએલ કક્ષાએથી, હાલ તુરંતજ શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને તેમની માંગણી મુજબ નુ સદર જોડાણ, જે તા.૨૦–૦૨–૧૭ ના રોજ પેઈડ પેન્ડીગ સ્થિતી મા છે, તે જોડાણ માંગણી મુજબ ના, વિવાદીત કુવા પર આપવાની કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા અટકાવી દેવામા આવેલ છે.આમ, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુકને, તેમની માંગણી મુજબ ના સવાલવાળા કુવા પર જોડાણ આપવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય ન હોવા બાબત નુ પીજીવીસીએલ નુ મંતવ્ય ફોરમ કમિટી તરફથી માન્ય રાખવામા આવેલ છે. |
| **૩.૨** | જેથી હવે, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક, તેમની અંગત માલીકી ની સીચાઈ ની જમીન ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૩ મા, અંગત માલીકી નો કુવો / બોર , જે – દિન–૨૪૦ મા બનાવશે, અથવા તો હાલ મા જે, શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની અંગત માલીકી ની ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ મા આવેલ કુવો / બોર – કે જે કુવો / બોર – તેઓશ્રી એટલેકે, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ની સહકારી ભાગીદારી વાળો હોય, અને તે મુજબ તેમને સદર સંયુક્ત માલીકીના કુવા / બોર માથી, પાણી લેવાનો હકક હોવા સબંધક, પંચાયત / મામલતદાર કચેરી ના અદ્યતન સ્થિતી ના દાખલા ( ખેતીવાડી સર્વે નંબર : ૪/૧ પૈકી – ૧ / પૈકી –૧ ના સંયુક્ત માલીકીના કુવા ની વિગતો દર્શાવતુ પાણીપત્રક નં.–૧૬) જે પીજીવીસીએલ મા દિન– ૨૪૦ મા રજુ કરી, તેમજ સદર સંયુક્ત માલીકી ના કુવા / બોર ના અન્ય ભાગીદારો ના, શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને પાણી લેવાનો હકક આપતા – રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ ની કચેરી મા રજુ કરશે, તો શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને પીજીવીસીએલ કક્ષાએથી જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરી શકાશે. આમ, શ્રી |

| | |
|---|---|
| | જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ની, હાલ ના તબ્બકે, પેઈડ પેન્ડીગ સ્થિતી મા, નવુ જોડાણ આપવા માટે મંજુર કરાયેલ હેઠળ આવેલ એવી, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે પીજીવીસીએલ કક્ષાએથી પડતર રાખવા આવશે. શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને, આ મુજબ ની કાર્યવાહી હેઠળ જ જોડાણ આપી શકાય, તે બાબતે ની જાણકારી – જે ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની જાણકારી હેઠળ – આપવા બાબતે – તેમજ પીજીવીસીએલ પક્ષકાર ને પણ આ મુજબ કાર્યવાહી હાથ ધરવા સબબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગત ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ પક્ષકાર ને, મુદદા નં.૩.૨ મુજબ ની વિગતે ની જે શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને જોડાણ આપવાની કાર્યવાહી, જે – શ્રી જેઠાભાઈ કરશનભાઈ ઘડુક ને જાણકારી આપી – તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ભાવેશભાઈ કરશનભાઈ ઘડુક ની જાણકારી હેઠળ, મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની કાર્યવાહી, પીજીવીસીએલ પક્ષકાર ને હાથ ધરવા માટે – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમ ના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.